# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. રાજ્યના ધારાસભ્યોના અનુદાનમાં એક કરોડ રૂપિયાનો વધારો કરાયો
2. નર્મદા કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોને એક મહિનો વહેલા એટલે કે 15 મે-થી સિંચાઈનું પાણી અપાશે
3. મહાવિદ્યાલયોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખવા ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણમંત્રીનો આદેશ.
4. પંચાયતીરાજ મંત્રાલયે જાહેર કરેલા ઇન્ડૅક્સમાં રાજ્યની 346 ગ્રામ પંચાયતે અનોખી સિદ્ધિ હાંસલ કરી
5. રાજ્યમાં આગામી 24 કલાક બાદ ગરમીમાંથી રાહત મળવાની હવામાન ખાતાની આગાહી
6. IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MLA GRANT INCREASE

રાજ્ય સરકારે ધારાસભ્યોના અનુદાનમાં એક કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. તે મુજબ ધારાસભ્યોને હવે એક કરોડ 50 લાખ રૂપિયાની જગ્યાએ બે કરોડ 50 લાખ રૂપિયા વિકાસકાર્યો માટે અપાશે. ધારાસભ્યોએ આ રકમમાંથી 50 લાખ રૂપિયાના કામ જળસંગ્રહ અને જળસંચય માટે શરૂ કરાયેલા ‘કૅચ ધ રૅઈન’ અભિયાન માટે કરવા પડશે તેમ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપી હતી.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી, રાજ્ય સરકાર)**

. . . . . . . . . . . . .

# KHEDUT SINCHAI PAANI

રાજ્ય સરકાર દ્વારા આ વખતે નર્મદા કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોને એક મહિનો વહેલું પાણી અપાશે. કપાસ અને અન્ય ખરીફ પાકનું વાવેતર કરતા ખેડૂતોને જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી આગામી 15-મી મે-થી આપવાનો નિર્ણય કરાયો છે, જેનાથી 13 લાખથી વધુ ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ થશે.

સામાન્ય રીતે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ મોસમ માટે 15 જૂન પછી પાણી છોડવામાં આવતું હોય છે. જોકે, ખેડૂતોને વહેલું પાણી

મળે તો ખેડૂતો આગોતરું આયોજન કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

## GCAS BETHAK

રાજ્યના ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે મહાવિદ્યાલયોમાં પ્રવેશ માટે કોઈ વિદ્યાર્થીને હાલાકી ન પડે તેનું વિશેષ ધ્યાન રાખવા સૂચના આપી છે. ગાંધીનગરમાં યોજાયેલી ગુજરાત કૉમન એડમિશન સર્વિસીઝ એટલે કે, જીકાસ પૉર્ટલની સમીક્ષા બેઠકમાં શ્રી પટેલે આ સૂચના આપી હતી. દરમિયાન તેમણે આ વર્ષે યોજાનારી પ્રવેશ પ્રક્રિયા તેમ જ જીકાસ પૉર્ટલ માટેની પ્રવેશ સલાહકાર સમિતિની ભલામણોની પણ સમીક્ષા કરી હતી. આ અંગે શ્રી પટેલે માહિતી આપી.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી)

ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનસેરિયા, શિક્ષણ વિભાગનાં સચિવ સુનયના તોમર તેમજ 16-થી વધુ સરકારી વિશ્વ-વિદ્યાલયના કુલપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

## Surat incident

સુરતના કાપોદ્રા વિસ્તારમાં 50થી વધુ રત્ન કલાકારોને ઝેરી દવાની અસર થયાના અહેવાલ છે. સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, પાણી પીધા બાદ રત્નકલાકારોની તબિયત બગડી હતી. પીવાના પાણીના ફિલ્ટરમાં કોઈએ અનાજમાં નાખવાની દવા ભેળવી હોવાનું અનુમાન છે. હાલમાં તમામ અસરગ્રસ્તોને સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . . .

## CONGRESS ADHIVESHAN

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું 84મું અધિવેશન યોજાઈ ગયું, જેમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ત્રણ હજાર જેટલા કૉંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, આગામી સમયમાં કોંગ્રેસ સંગઠનમાં મહત્વના ફેરફાર થશે અને જિલ્લા પ્રમુખોને સંગઠનની આધારશીલા બનાવવામાં આવશે. શ્રી ગાંધીએ બંધારણ એ તેમના પક્ષની વિચારધારા હોવાનું જણાવ્યું અને કાર્યકરોને આગામી ચૂંટણીઓમાં બંધારણ આધારિત વિચારધારા સાથે ચૂંટણી લડવા અપીલ કરી હતી.

(BYTE – RAHUL GANDHI)

શ્રી ગાંધીએ તેમના સંબોધનમા જ્ઞાતિ આધારિત વસતિ ગણતરીની અને અનામત વ્યવસ્થામાં મોટા સુધારા કરવાની પણ વાત કરી હતી અને દેશની હાલની આર્થિક સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CM NAVKAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના GMDC મેદાન ખાતે વિશ્વ નવકાર મહામંત્ર દિવસ નિમિત્તે વિશેષ, ટપાલ ટિકિટ સંગ્રહ એટલે કે, ફિલાટૅલિક ટપાલ કવરનું વિમોચન કર્યું. સત્તાવાર યાદી મુજબ, આજના દિવસે પ્રકાશિત આ ટપાલ કવર દ્વારા નવકાર મહામંત્રનો દેશ-વિદેશમાં વ્યાપક પ્રચાર પ્રસાર કરાશે.

આ પ્રસંગે ઉપસ્થિત પોસ્ટમાસ્ટર કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું, 'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' પર વિશેષ આવરણને એક વિશિષ્ટ પ્રતીક રૂપે તૈયાર કરાયું છે. તેમાં નવકાર મંત્રને દર્શાવવામાં આવ્યો છે. આ સ્થિતિમાં, યુવા પેઢી એક

પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક પ્રતીક તરીકે પ્રકાશિત થયેલા આ વિશેષ આવરણ દ્વારા તેમની સંસ્કૃતિ અને વારસાથી વાકેફ થઈ શકશે.

. . . . . . . . . . . . . .

## DWARKA TAIYARI

આજે માધવપુરમાં માધવપુર-ઘેડ મેળામાં શ્રીકૃષ્ણ અને રુક્મણિજીના વિવાહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાશે. આવતીકાલે દેવભૂમિદ્વારકા જિલ્લામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મણિજીના સત્કાર સમારોહની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. સત્તાવાર યાદી મુજબ, ભગવાન શ્રીકૃષ્ણ રુક્મણિજી સાથે લગ્ન કરીને જાન લઈને આવતીકાલે દ્વારકા પહોંચશે, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરાશે. જિલ્લાના અતિથિ ગૃહની પાછળના મેદાનમાં આવતીકાલે યોજાનારા મલ્ટિમીડિયા શોમાં ઉત્તર-પૂર્વ રાજ્યના કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરશે.

. . . . . . . . . . . . . .

## GRAM PANCHAYAT DANKO

રાજ્યની 346 ગ્રામ પંચાયતને પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ P.A.I. 2022-23ની ફ્રન્ટ રનર શ્રેણીમાં સ્થાન પ્રાપ્ત થયું છે. પંચાયતીરાજ મંત્રાલય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આ ઇન્ડેક્સ હેઠળ 29 રાજ્યોની બે લાખ

16 હજાર ગ્રામ પંચાયતનું મુલ્યાંકન કરાયું છે, જેમાં રાજ્યની 346 ગ્રામ પંચાયત ટોચનું પ્રદર્શન કરનારી યાદીમાં સ્થાન મેળવ્યું છે.

સત્તાવાર યાદી મુજબ, પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ ભારત સરકાર દ્વારા ડેટા-આધારિત શાસન સંચાલિત કરવા તેમજ ગ્રામ્યસ્તરે 17 ટકાઉ વિકાસ લક્ષ્યાંક- SDG હાંસલ કરવાને પ્રોત્સાહન આપવાની સીમાચિહ્ન પહેલ છે. આ ઇન્ડેક્સ હેઠળ મૂલ્યાંકન માટે, ગરીબીમાં ઘટાડો, આરોગ્ય, શિક્ષણ, પર્યાપ્ત પાણી પૂરવઠો, સ્વચ્છ પર્યાવરણ, માળખાગત સુવિધા, સામાજિક ન્યાય, શાસન અને મહિલા સશક્તિકરણ જેવા નવ મહત્વની વિષયવસ્તુઓમાં 435 જેટલા યુનિક સ્થાનિક સૂચકાંકોનો ઉપયોગ કરાય છે.

. . . . . . . . . . . . .

# IIM-A-DUBAI CAMPUS

IIM-અમદાવાદના દુબઈ પરિસરની સ્થાપના માટે IIM અમદાવાદ અને સંયુક્ત આરબ અમીરાત-UAEની સરકારે એક સમજૂતી કરાર MoU પર હસ્તાક્ષર કર્યા છે. દુબઈના ક્રાઉન પ્રિન્સ, યુએઈના નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ અને કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલની ઉપસ્થિતિમાં આ સમજૂતી કરારનું વિનિમય IIM અમદાવાદના નિયામક પ્રોફેસર ભરત ભાસ્કર અને દુબઈના અર્થતંત્ર અને પર્યટન વિભાગના નિદેશક હેલાલ સઈદ અલમરીએ કર્યું હતું.

IIMA દુબઈ પરિસર દુબઈ ઇન્ટરનેશનલ એકેડેમિક સિટીમાં હશે, જે બહુસાંસ્કૃતિક વાતાવરણ સાથે પ્રદેશનું અગ્રણી ઉચ્ચ શિક્ષણ કેન્દ્ર છે. પ્રથમ કાર્યક્રમ તરીકે, IIMA દુબઈ પરિસર એક વર્ષનો MBA અભ્યાસક્રમ શરૂ કરશે.

. . . . . . . . . . . . .

# WEATHER UPDATE

હવામાન વિભાગે આગામી 24 કલાક રાજ્યમાં ગરમી યથાવત્ રહેવાની આગાહી કરી છે. ત્યારબાદ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જ્યારે રાજ્યના કેટલાક ભાગ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે અને આવતીકાલે અતિશય ગરમીનું મોજું ફરી વળવાની—હિટવૅવની પણ સંભાવના છે. દરમિયાન દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં પવનની ઝડપ 45થી 50 કિલોમીટરની રહેવાની હોવાથી માછીમારોને ચેતવણી અપાઈ છે. તેમ હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું હતું. જ્યારે અમરેલી અને રાજકોટમાં 44 ડિગ્રી, કચ્છના ભુજ, કંડલા હવાઈમથક, મહુવા, કેશોદ, અમદાવાદ અને ડીસામાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

. . . . . . . . . . . . .

# IPL AMDAVAD

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L ટી ટ્વેન્ટી ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી આ મેચમાં રાજસ્થાન રોયલ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને રાજસ્થાનની ટીમ સંજુ સેમસનના સુકાની હેઠળ રમી રહી છે.

આ પહેલા ગઈકાલે ચંદીગઢમાં રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નઈ સુપર કિંગ્સની ટીમને 18 રનથી હરાવી હતી.

. . . . . . . . . . . . .

# SMRUTIVAN MEMORIAL

કચ્છના ભુજમાં આવેલ સ્મૃતિવન ધરતીકંપ સ્મારક મેમોરિયલ અને સંગ્રહાલય સોમવારે આવતી જાહેર રજાના દિવસે ખુલ્લું રહેશે. જેમાં એપ્રિલ મહિનામાં 14 તારીખે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી અને 28 ના પરશુરામ જયંતીના એક દિવસ પહેલા ખુલ્લું રહેશે, જ્યારે 15 અને 30 એપ્રિલના જાળવણીના કાર્ય માટે બંધ રહેશે.

. . . . . . . . . . . . .